

# દેશમાં વિશ્વસ્તરીય શિક્ષણનો અભાવ: યુવાનો કેમ વિદેશ જવા મજબૂર?

સારાંશ

★વિન્સી મરચન્ટ

ભારતને વિશ્વગુરુ બનાવવાની ઘણા લોકોની નાસમજભરી ઈચ્છા છે. નાસમજભરી એટલા માટે કેમકે વાસ્તવિકતા સાવ જુદી જ છે. ભારતના તેજસ્વી વિદ્યાર્થીઓ કેટલાક સબળા અને કેટલાક ભારતથી નબળા દેશોમાં વધુ ઉચ્ચ શિક્ષણ માટે જવું પડે છે. ભારતનું તેજસ્વી યુવાન ધન અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા કે યુરોપના દેશોમાં ઉચ્ચ શિક્ષણ માટે જાય તે સ્વાભાવિક ગણાય, ચીન સ્વાભાવિક ગણાય, પરંતુ ફિલિપિન્સ, રશિયા, જ્યોર્જિયા, યુક્રેન જેવાં શૈક્ષણિક રીતે આગળ નહીં ગણાતા દેશોમાં ભારતીય વિદ્યાર્થીઓ પોતાની રીતે માર્ગ કરીને પહોંચી જાય છે. સરકાર તેમાં કોઈ ખાસ મદદ કરતી નથી, સિવાય કે બેન્ક લોન.

ગઈ સદીમાં સરકારોએ શિક્ષણ પ્રત્યે ખાસ ધ્યાન ન આપ્યું. તેલુગુ દેશમ્ પક્ષના ચંદ્રબાબુ નાયડુ તેમાં એક અપવાદ હતા. ટેકનોલોજીના ઉચ્ચ શિક્ષણમાં આંધ્રપ્રદેશના વિદ્યાર્થીઓને જોતર્યાં તેનાં શુભ ફળો આજે અમેરિકામાં તેલુગુ પ્રજા લણી રહી છે. પરંતુ તે અને અન્ય એકલ-દોકલ ઉદાહરણો બાદ કરતા વિશ્વગુરુઓ તેના દેશોમાં એવી કોઈ આધુનિક યુનિવર્સિટી નથી, જેની નોંધ લઈ શકાય. બીજી તરફ ભારતમાં યુનિવર્સિટીઓની સંખ્યા બેસુમાર છે. જેમ કે રમકડાં કરતા પણ ખરાબ રોબોડોગ બનાવીને બદનામ થયેલી ગલગોટિયા યુનિવર્સિટી વગેરે. આપણો બધા જાણીએ છીએ શિક્ષણ એક ધમધોકાર ચાલતો ધંધો બની ગયું છે અને ધંધાના ભાગરૂપે જ પ્રશ્નપત્રો લીક થઈ જાય છે. વિશ્વગુરુ બનવું તે બહુ પછીની વાત છે. આજે બાળકોમાં અને યુવા વિદ્યાર્થીઓમાં પાયાના સંસ્કારોનો અભાવ છે. ઘર આંગણે શિક્ષણ વ્યવસ્થા સુધારવાની જરૂર છે. સમાજને સુધારવો હોય તો શિક્ષણ પાયાની વસ્તુ છે તે દેશના અભણ નેતાઓને સમજાવવું તે અઘરો વ્યાયામ છે. બેંગલુરુની ક્રાઈસ્ટ યુનિવર્સિટીના પૂર્વ પ્રોફેસર જ્હોન જે. કેનેડીએ ભારતની યુનિવર્સિટીઓ વિષે તુલનાત્મક અભ્યાસ કર્યો છે. એ લખે છે કે, 'યુનિવર્સિટીઓના વૈશ્વિક રેન્કિંગની યાદી ભારત માટે થોડો ગર્વ અને ઝાઝી નિરાશાનું મિશ્રણ લઈને આપ છે. ગણીગાંઠી સંસ્થાઓએ સતત ઊંચું સ્તર જાળવી રાખ્યું છે પરંતુ બાકીની યુનિવર્સિટીઓને યાદીમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ નિવડે છે.' તેઓ લખે છે કે, 'દેશની યુનિવર્સિટીઓના સ્તરમાં વિરોધાભાસ ધ્યાન ખેંચે છે. ભારત પાસે જ્ઞાન અને શિક્ષણનો પ્રાચીન વારસો છે, પરંતુ વર્તમાનમાં વૈશ્વિક શિક્ષણના ઉત્તમ સ્તરમાં પ્રવેશવા માટે ભારતને સ્ટ્રગલ કરવી પડી રહી છે.' યુનિવર્સિટીઓની સંખ્યા ઝાઝી હોય તેનાથી કશો ફરક નથી પડતો. જો યુનિવર્સિટીને ધંધો બનવા દેવાય તો લોકશાહી દેશોમાં તેના રાફડા ફાટે.

દુનિયાભરમાં બાવીસ હજારથી પચાસ હજાર વચ્ચેની સંખ્યામાં યુનિવર્સિટીઓ છે. જુદા જુદા માપદંડો, ક્રાઈટેરિયા, મુજબ તે સંખ્યામાં વધઘટ થતી રહે છે. અમુક દેશો અમુક સંસ્થાને યુનિવર્સિટી ગણે, અમુકને ન ગણે, વગેરે કારણો હોય છે એટલે વિશ્વનો આંકડો મહત્ત્વનો બનતો નથી. પ્રથમ તો વૈશ્વિક રેન્કિંગના આંકડાને જોઈએ તો પૂર્વ એશિયાનું રેન્કિંગ જોઈએ. ક્યુ.એસ. (ક્વાક્વોરેલી સાઈમન્ડસ્) એશિયા યુનિવર્સિટી રેન્કિંગ મુજબ તેમાં ચીનની ૧૩૫ યુનિવર્સિટીઓની સામે ભારતની ૧૯૩ યુનિવર્સિટીઓને સ્થાન મળ્યું છે. તેમાં પ્રથમ ક્રમે યુનિવર્સિટી ઓફ હોંગકોંગ (એચકેયુ) છે. બીજા ક્રમે ચીનની પેકિંગ (બાઈજિંગ) યુનિવર્સિટી છે. ઉત્તમતાના અગિયાર માપદંડોના આધારે યુનિવર્સિટીઓને ક્રમ અપાય છે. ૨૦૦૪થી આ યાદી દર વર્ષે પ્રગટ થાય છે. ત્રીજા ક્રમે સિંગાપુરની નેશનલ યુનિવર્સિટી છે. ત્રીજા ક્રમે સિંગાપુરની નાન્યાંગ પણ છે. ત્યારબાદ દસ નંબર સુધી ચીન અને હોંગકોંગની યુનિવર્સિટીઓ છે. ભારતની યુનિવર્સિટીઓની સંખ્યા ભલે વધુ હોય, પણ એશિયા લિસ્ટની પ્રથમ પચાસમાં પણ કોઈ એકનું સ્થાન નથી. ભારતમાં માન્યતા પ્રાપ્ત ૧૩૩૮ યુનિવર્સિટીઓ છે. ખાનગી ક્ષેત્રને યુનિવર્સિટીઓના ધંધામાં પ્રવેશ મળ્યો ત્યારબાદ ઢેર ઢેર યુનિવર્સિટીઓ ઊગી નીકળી છે. ચીનમાં બેચલરની ઉપાધિ આપતી ૧૨૭૦ યુનિવર્સિટીઓ છે અને ઉચ્ચ શિક્ષણ માટેની કુલ ૩૧૬૭ સંસ્થાઓ છે તેમાંની ૧૪૮૦ વોકેશનલ અને ટેકનિકલ કોલેજો છે.

એશિયાની યાદીમાં ૫૯માં ક્રમે ભારતની જે પ્રથમ સંસ્થા છે તે નવી દિલ્હી ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી છે. ૬૨મા ક્રમે બેંગલુરુની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ છે. ૬૭મા ક્રમે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ચિન્નઈ, યાદીમાં ૮૧મા ક્રમે ભારતની ચોથી સંસ્થા IIT, ખડગપુર અને ૮૩મા ક્રમે IIT મુંબઈ છે. ભારતની આ શ્રેષ્ઠ પાંચ યુનિવર્સિટીઓ છે. પ્રથમ સોમાં ભારતની કુલ સાત છે. મેઈનલેન્ડ ચીનની ૨૫, હોંગકોંગની છ, દક્ષિણ કોરિયાની ૧૫, જાપાનની ૧૨ અને મલેશિયાની દસ છે. ભારત જેવા વિશાળ વસતિવાળા વિશાળ દેશનું આ દર્શન ખૂબ નબળું છે. જે પાંચ છે તે પણ નેહરુના સમયમાં સ્થપાયેલા જૂની IITઓ છે. શિક્ષણનું સ્તર ૧૯૭૦ બાદ ખૂબ કથળી ગયું અને પછી કોઈપણ સરકારે તે ખાધને ભરપાઈ કરી શકી નથી. ભારતની જે ખાનગી યુનિવર્સિટીઓ છે તે દબંગ નેતાઓ કે એમના લાગતા-વળગતાઓ જ ખોલી છે.



**આપણો બધા જાણીએ છીએ શિક્ષણ એક ધમધોકાર ચાલતો ધંધો બની ગયું છે અને ધંધાના ભાગરૂપે જ પ્રશ્નપત્રો લીક થઈ જાય છે**

ક્યુ. એસ. વર્લ્ડ રેંકિંગ પણ દર વર્ષે જાહેર થાય છે. તેની ટોચની પાંચસોમાં IIT દિલ્હી ૧૨૩મા સ્થાને છે પ્રથમ એક સોમાં કોઈ ભારતીય સંસ્થા નથી. અન્ય IITઓને તેમાં સ્થાન મળ્યું છે. જેમાં IIT રૂડકી ૩૩૯માં સ્થાને છે. ક્યુ એસ રેંકિંગ્સમાં દુનિયામાં પ્રથમ ક્રમે મેસૅચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (એમઆઈટી) છે. બીજા ક્રમે લંડનની ઈમ્પિરિયલ કોલેજ, ત્રીજા ક્રમે અમેરિકાની સ્ટેનફોર્ડ, ચોથા ક્રમે યુકેની ઓક્સફર્ડ, પાંચમા ક્રમે અમેરિકાની હાર્વર્ડ, છઠ્ઠા ક્રમે યુકેની કેમ્બ્રિજ, સાતમા ક્રમે ઝુરિક સ્વિત્ઝરલેન્ડની ઈટીએચ, આઠમા ક્રમે સિંગાપુરની નેશનલ યુનિવર્સિટી, નવમા ક્રમે યુનિવર્સિટી કોલેજ લંડન અને દસમા ક્રમે અમેરિકાની કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (કાલટેક) છે. ચિંતા એ લોકો માટે કરવાની છે જેઓ દેશમાં રહી જાય છે, બહાર અભ્યાસ અને નોકરી-ધંધા માટે જતા રહે છે તેઓની કરવાની નથી. તેઓમાંથી કોઈક નાછૂટકે દેશમાં પરત આવવા ઈચ્છે છે. સ્વદેશમાં એવા હાલ બનાવી રાખ્યા છે કે અશિક્ષિત લોકો જાનના જોખમે કેનેડા, મેક્સિકોના માર્ગે અમેરિકામાં ઘૂસે છે. વિશ્વગુરુના લાખો વિદ્યાર્થીઓ દર વરસે અમેરિકા, કેનેડા, યુરોપ અને ઓસ્ટ્રેલિયાનો માર્ગ પકડે છે. તે પણ ખૂબ ઊંચો ખર્ચ કરીને. મેગેઝીન દર વરસે દુનિયાની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓની યાદી બહાર પાડે છે. તેમાં પણ પ્રથમ એકસોમાં ભારતની એક પણ નથી. તેમાં આઠમાં ક્રમે સિમાપુરની નેશનલ યુનિવર્સિટી છે. 11માં ક્રમે હોંગકોંગ યુનિવર્સિટી છે. જોકે ટાઈમ મેગેઝીનની ટોપ 500ની યાદીમાં માત્ર ચારને સ્થાન મળ્યું છે તેમાં IITઓનો એકડો કાઢી નાખવામાં આવ્યો છે. બેંગલુરુની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સને બાદ કરતાં એવી ત્રણ યુનિવર્સિટીનાં નામ ટાઈમની યાદીમાં છે. જેના નામમાંથી અમુકનાં નામોની ભારતની જનતાને ખબર પણ નથી. 351થી 400 સુધઈના બેન્ડ (પટ્ટામા) સવિતા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ અને ટેકનિકલ સાયન્સીઝને સ્થાન મળ્યું છે. 401 થી 500ના બેન્ડમાં જામિયા મિલિયા ઈસ્લામિયા અને શૂલિની યુનિવર્સિટી ઓફ બાયોટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ સાયન્સ છે. ટાઈમ મેગેઝીન એક એવું પ્રકાશન છે જે અમેરિકાની સરકારના એજન્ડાને આગળ ધપાવે છે. તેના પોતાના પોલિટિકલ ઈરાદાઓ હોય છે. તેની દુનિયા તેના રેન્કિંગને મહત્ત્વ આપતી નથી. છતાં તેમાં પાંચસોમાંથી માત્ર ચાર સંસ્થાઓ જ હોય તો ભારત સરકારે આત્મચિંતન કરવું પડે. જે IITઓ વર્લ્ડ રેંકિંગમાં છે તે ટાઈમ મેગેઝીનની યાદીમાં કેમ નથી?

વાસ્તવિકતા જોઈએ તો આપણી પાસે શોકેસમાં મૂકવા માટે ગણી ગાંટી સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ છે. શિક્ષણની ગુણવત્તામાં આવડા મોટા ગેપ પાછળ જૂના મૂળિયા ઘાલી ગયેલી સંસ્થાઓ જવાબદાર છે.

2025માં દેશની માત્ર 39 ટકા યુનિવર્સિટીઓ અને વીસ ટકા કોલેજો એનએએસી દ્વારા ક્રેડિટેડ હતી. એનએએસી એ ભારતની નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ છે. આ સ્વાય સંસ્થાને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) તરફથી ફંડ મળે છે. દેશની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની આ સંસ્થા દ્વારા આકારણી થાય છે અને તેના આધારે ગ્રેડ આપે છે. તેમાંય એ ગ્રેડ ધરાવતી ભારતીય શિક્ષણ સંસ્થાઓની, યુનિવર્સિટીઓની સંખ્યા 30 અને 45 ટકાથી પણ ઓછી છે. આ સ્થિતિ શિક્ષણ સંસ્થાઓમાં તુલનાત્મક વિરોધાભાસ ઊભો કરે છે. ક્યાંય વ્યવસ્થિત અને એક સરખું ધોરણ જોવા મળતું નથી અનેક સંસ્થાઓ પાસે ભંડોળ હોતા નથી. જૂની, પૂરાની, અપૂરતી સુવિધાઓ વાળી લેબોરેટરીઓ હોય છે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પણ કમી હોય છે. પરિણામે કોઈ યોગ્ય સંશોધનો યોજાતાં નથી. દુનિયાની માતબર સંસ્થાઓ ભારતીય યુનિવર્સિટીઓને કોઈ મહત્ત્વ આપતી નથી. કોઈ સાઈટેશન દેશની સંસ્થાઓને નામે ચડતાં નથી. એ રીતે વૈશ્વિક સ્ટેન્ડિંગમાં ભારતની કોલેજો અને વિશ્વવિદ્યાલયો ઊણાં ઉતરે છે.

ફેકલ્ટી અર્થાત સક્ષમ વ્યાખ્યાતાઓ, પ્રાધ્યાપકોની બાબતમાં ભારતની સંસ્થાઓ અછત અનુભવતી હોય છે, યોગ્ય નાણાંકીય વળતરના અભાવમાં યોગ્ય, સક્ષમ સ્ટાફ મળતો નથી. દુનિયા સાથેનું આદાન-પ્રદાન સિમીત બને છે. તુમારશાહીની મજબૂત પકડ હોય છે અને નિયમોમાં જક્કીપણું, સંશોધનો માટે પૂરતો સમય આપવાનો અભાવ, સ્ટાફ પોતાના પ્રોફેશનલ ડેવલપમેન્ટ માટેની તકોનો અભાવ તે જ વર્ગખંડોની મોટી સાઈઝ (ઝાઝાં વિદ્યાર્થીઓ) વગેરે સમસ્યાઓ ભારતની સંસ્થાઓને ઘેરી રાખે છે. દાખલા તરીકે ભારતમાં હાયર એજ્યુકેશન સિસ્ટમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચેનો રેશીઓ 24:1 નો છે. 24 વિદ્યાર્થી દીઠ એક શિક્ષક છે પ્રાધ્યાપક ચીનમાં તે 19:1 છે, અમેરિકામાં 16:1 છે. આ કમીને કારણે વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત પૂરતું ધ્યાન આપી શકાતું નથી. તેની અસર રિસર્ચ વર્ક તેમ જ મેન્ટરશીપ પર પડે છે. વિદ્યાર્થીને લાગવું જોઈએ કે એની શૈક્ષણિક જરૂરિયાતોની સંભાળ (મેન્ટરશીપ) લેવા માટે કોઈક છે. અનુચિત કાયદાઓ અને રૂઢીઓનું જડતાપૂર્વક પ્લાનિંગ નવીનતા કે નવા સર્જનને ખીલવા દેતુ નથી.

ભારતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં સંશોધનો અને તેના પરિણામો એક નબળી કડી પૂરવાર થાય છે. સરકારી અનુદાન ઘટે ત્યારે કંઈક નવું કરવાની વાત બાજુએ રહી, સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ કેમ ટકી રહેવું? તે માટેના સર્વાઈવલ મોડમાં મૂકાઈ જાય છે. ભારત સરકાર ઉચ્ચતર શિક્ષણ માટે જીડીપીના 0.17 ટકા, સો રૂપિયામાંથી સત્તર પૈસા ફાળવે છે. સો રૂપિયામાંથી ચાર રૂપિયા અમેરિકા ચાર પોઈન્ટ સાઈ ટકા ફાળવે છે. સાડા ચાર રૂપિયાથી વધુ. તેની સામે ભારતનું બજેટ ચણા- મમરાં પણ ન ગણાય. વળી તેઓની જીડીપીની સાઈઝ ભારત કરતાં અનેકગણી વધારે હોય છે અને અમેરિકાની વસ્તી ભારતની વસ્તીના ચોથા ભાગ કરતાં પણ ઓછી છે. આ બધામાં ભારત કેવી રીતે ઝીંક ઝીલે? વળી, જે કંઈ ફાળવવામાં આવે તે બધું યોગ્ય દિશામાં ખર્ચવામાં થોડું આવે છે? પરિણામે દુનિયામાં જે રિસર્ચ વર્ક થાય છે તેમાં ભારતનો ફાળો નામમાત્ર હોય છે. આ કારણથી ટોપની સંસ્થાઓમાં ચીનની સંસ્થાઓ સ્થાન પામે છે, ભારતની પામતી નથી. ચીનનો શિક્ષણ પાછળનો મોટા ભાગનો ખર્ચ શિક્ષણની અદ્યતન માળખાકીય સવલતો ઊભી કરવા અદ્યતન લેબોરેટરીઓ સ્થાપવા, સક્ષમ સ્ટાફ પાછળ વપરાય છે. પરિણામે આંતરરાષ્ટ્રીય કક્ષાની ફેકલ્ટી પણ ચીન તરફ આકર્ષાય છે. ચીનની યુનિવર્સિટીઓ ભારતની કરતા વધુ સ્વાયતતાઓ ધરાવે છે. સંશોધનો માટેનો અગ્રતાક્રમ, પ્રાયોરિટીઓ, અભ્યાસક્રમ નક્કી કરવાની સ્વતંત્ર વગેરેમાં સરકારી તંત્રોનું ચાલતુ નથી. યુનિવર્સિટીઓનું ચાલે છે. ચીની યુનિવર્સિટીઓએ ઉદ્યોગો સાથે પણ મજબૂત સંબંધો બાંધ્યા છે. ફલતઃ નવા કલ્પનાશીલ પ્રોજેક્ટસ માટે વધુ ભંડોળ મળી રહે છે અને ઉદ્યોગોને અનેક નવી પ્રોડક્ટ્સ મળી રહે છે. જર્મનીમાં પણ રિસર્ચ ગ્રાન્ટ સારી માત્રામાં મળે છે. ઉદ્યોગ જગત તરફથી ફન્ડિંગ મળી રહે છે. અમેરિકામાં પણ આવી જ સરસ સ્થિતિ છે. સંસ્થાઓના નવાં જૂના અને સફળ વિદ્યાર્થીઓ, ઉચ્ચ સ્થાને પહોંચેલા જૂના વિદ્યાર્થીઓ, સરકારો અને ઉદ્યોગો યુનિવર્સિટીઓને હબેશ ફંડ પૂરૂ પાડે છે. અમેરિકા દુનિયાના બુદ્ધિધનને આકર્ષે છે તેથી ફેકલ્ટીની તંગી રહેતી નથી. દુનિયાની શ્રેષ્ઠ મળી રહે છે. સમગ્ર વાતાવરણ, ઉત્સાહ અને જોશ ભારત કરતા જૂદા પ્રકારના હોય છે. આપણે ત્યાં સરકારી અધિકારીઓ અને યુનિવર્સિટીના વડાઓનો મોટા ભાગનો સમય રાજકારણ રમવામાં અને પ્યાદાઓ ગોઠવવાની ખટપટોમાં પસાર થતો હોય છે. ગુજરાતમાં જ એવા એવાં બડકમધારો ક્યારેક ઉપકુલપતિ બની જાય છે જે એક સારા પ્રાધ્યાપક થવાને પણ લાયક ન હતા.